

P.07

શાહિદને ધીરજનું ફળ મળ્યું, ૧૨ વર્ષ રાહ જોયા પછી, તેને ચાંદી મળી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.07

'પુષ્પા ૨' માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો, ભવ્ય કાર્યક્રમમાં સન્માનિત

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૩૧૨ | વિક્રમ સંવત ૨૦૮૧ : જેઠ વદ ૦૫ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

tor : Avesh K Malaviya • Year : 03 • Issue : 312 • Dt.16-06-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, astrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ઇઝરાયલે મિસાઇલો વરસાવી | ઇરાનના પરમાણુ સ્થળ પર ભારે નુકસાન થયું

07



16
JUNE- 2025
MONDAY



07

કેદારનાથના ગૌરીકુંડના જંગલોમાં ગુમ થયેલ હેલિકોપ્ટર ક્રેશ થતાં સાત લોકોના મોત થયા

પીડિતોના પરિવારો સાથે સંકલન જાળવવા માટે ૨૩૦ ટીમો બનાવવામાં આવી

અમદાવાદમાં ગુરુવારે ૩ દિવસ પહેલા થયેલા વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોની ઓળખ માટે ડીએનએ પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે

# અમદાવાદ વિમાન દુર્ઘટના: ૩૧ મૃતદેહોના ડીએનએ નમૂના મેચ થયા

## અમદાવાદમાં એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૩૧ લોકોની ઓળખ અધિકારીઓએ ડીએનએ પરીક્ષણ દ્વારા કરી છે અને અત્યાર સુધીમાં ૧૨ પરિવારોએ મૃતદેહોનો દાવો કર્યો

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ |

અમદાવાદમાં ગુરુવારે ૩ દિવસ પહેલા થયેલા વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોની ઓળખ માટે ડીએનએ પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૩૧ લોકોની ઓળખ અધિકારીઓએ ડીએનએ પરીક્ષણ દ્વારા કરી છે અને અત્યાર સુધીમાં ૧૨ પરિવારોએ મૃતદેહોનો દાવો કર્યો છે. દરમિયાન, ગુજરાત સરકારે મૃતદેહોને સંબંધીઓને સોંપવાની પ્રક્રિયા શરૂ કરી છે.સરકારી બીજે મેડિકલ કોલેજના સર્જરીના પ્રોફેસર ડૉ. રજનીશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના ડીએનએ મેચિંગ થયા છે અગાઉ અધિકારીઓએ કહ્યું હતું કે પીડિતોના પરિવારો સાથે સંકલન જાળવવા માટે ૨૩૦ ટીમો બનાવવામાં આવી હતી. અમદાવાદથી લંડન જતી ફ્લાઈટમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યોમાંથી ૨૪૧ મૃતકોનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાંમાર્યાગયેલામુસાફરોમાંરાજ્યનાભૂતપૂર્વમુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હતા. જોકે, એક મુસાફર ચમત્કારિક રીતે બચી ગયો હતો.વિમાન દુર્ઘટનાના ત્રીજા દિવસે, ગુજરાત સરકારે મૃતદેહોને સંબંધીઓને સોંપવાનું કામ શરૂ કર્યું છે.




પ્રાપ્ત માહિતી અનુસાર, આ માટે લગભગ એક હજાર લોકોની ટીમ તૈયાર કરવામાં આવી છે. સરકારે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી એમ્બ્યુલન્સ બોલાવી છે. આ કાર્ય માટે કુલ ૧૯૨ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. એક એમ્બ્યુલન્સમાં ડ્રાઇવર અને સહાયક સ્ટાફ હોય છે. સરકારે જાહેરાત કરી છે કે બધા મૃતદેહોને સંબંધીઓના ઘરે લઈ જવા માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. અત્યાર સુધીમાં ૩૧ મૃતદેહોના ડ્ડ્ડછ મેચ થયા છે.

રાજકોટમાં સાડા ૩ ઈંચ અને ગોંડલમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો

# ગુજરાત રાજ્યમાં વીજળી પડવાથી ૭ના મોત, અનેક વિસ્તારમાં ખાબક્યો ધોધમાર વરસાદ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ |

ગુજરાતમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. ત્યારે ગઈ કાલે ગુજરાતમાં એક જ દિવસમાં વીજળી પડવાથી કુલ ૭ લોકોના મોત નિપજ્યાં છે. રાત્રે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો છે. રાજકોટમાં સાડા ૩ ઈંચ અને ગોંડલમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેટકોના સબ સ્ટેશનમાં વીજળી પડતા પાવર સપ્લાય ઠપ્પ થઈ ગયો છે. ધારી, દાહોદ, ધાનપુર, સુરતના માંગરોળમાં વીજળી પ ડી હતી. જેમાં અલગ- અલગ જગ્યાએ ૭ લોકોના મોત નિપજ્યાં છે. પાવી જેતપ ુર અને મોકળ ગામમાં વીજળી પડવાથી મોત થયું છે. તો દાહોદમાં વીજળી પ ડતા ૨ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આજે મોટાભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છમાં ધણા સ્થળોએ પણ વરસાદ પ ડી શકે છે. ગુજરાતમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. ત્યારે ગઈ કાલે ગુજરાતમાં એક જ દિવસમાં વીજળી પડવાથી કુલ ૭ લોકોના મોત નિપજ્યાં છે. રાત્રે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો છે. રાજકોટમાં સાડા ૩ ઈંચ અને ગોંડલમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેટકોના સબ સ્ટેશનમાં વીજળી પડતા પાવર સપ્લાય ઠપ્પ થઈ ગયો છે.


વીજળીના બિલને કરો (0)

Navkalp SOLAR
Since 2013
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪



B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## દીકરાનો મૃતદેહ વતન આવતા ગામ લોકો હિબકે ચઢ્યા, સગાઈ માટે લંડનથી આવ્યો હતો

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૧૫ ।

અમદાવાદમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના વતની હાર્દિકભાઈ અવૈયા ઉંમર ૨૪ વર્ષે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાર્દિકનો મૃતદેહ આજે સવારે તેમના વતન અડતાળા ગામે લાવવામાં આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ યુવાન પુત્રના અકાળે અવસાનથી અવૈયા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હાર્દિકભાઈ અવૈયાનો મૃતદેહ અડતાળા લાવવામાં આવ્યો હતો. હાર્દિકનો મૃતદેહ ઘરે પહોંચતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો. દીકરાના લાશ જોતા જ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. હાર્દિકને લંડન અભ્યાસ માટે તેના પિતા દેવરાજભાઈ અવૈયાએ જમીન વેચીને મોકલ્યો હતો.

## જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાન પર જુની અદાવતના કારણે હુમલો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૫ ।

જામનગર દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અજય ભરતભાઈ કનખરા ઉર્ફેડ લાલો નામના ૨૮ વર્ષના યુવાન પર ગઈકાલે રાત્રિના જૂની અદાવતનું મન દુઃખ રાખીને ત્રણથી ચાર શખ્સોએ છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી લોહી લુહાણ કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, અને જ્યાં તેની ઘનિષ્ઠ સારવાર કરવી પડી હતી, અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર મનીષભાઈ કનખરા તેમજ અન્ય અગ્રણીઓ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા. આ બનાવ બાદ સીટી બી.ડિવિઝનની પોલીસ ટુકડી પણ જી.જી હોસ્પિટલમાં દોડી ગઈ હતી, અને આ બનાવ અંગે ગુનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### આગામી ૬ દિવસ ૧૯થી વધુ જિલ્લામાં ઓરેન્જ-યલો એલર્ટ

# સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ

**સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે અમરેલી જિલ્લામાં આજે બીજા દિવસે પણ ધોધમાર વરસાદ ખાબક્યો**

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૪ ।

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ગઈકાલે શનિવારે (૧૪ જૂન) પવન-ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જ્યારે આજે પણ અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભરૂચ, વલસાડ સહિતના અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડ્યો છે. તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે અમરેલી જિલ્લામાં આજે બીજા દિવસે પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેમાં સાવરકુંડલાના બાઢડા, કરજાળા, નેસડી, ઓળીયા, ઝીંઝુડા, પીઠવડી સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને ગરમી રાહત થઈ. આ ઉપરાંત, અમરેલીના રાજુલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ખાંભા ગીરના ભાડ, લાસા, ઉમરીયા, નાના વિસાવદર, તાતણીયા, લાસા, ધાવડિયા, ભાડ, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, લાપાળીયા, દેવળીયા, રાજસ્થળીસહિત ગ્રામ્ય વિસ્તારમાં અનરાધાર વરસાદ થતાં રસ્તા, ખેતરો બેટમાં ફેરવાયા છે.૬ દિવસ ભારેથી



અતિભારે વરસાદની આગાહીહવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આવતીકાલે ૧૬ જૂનના રોજ અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદને લઈને ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે સાબરકાંઠા, અરવલ્લી, મોરબી, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ગઈકાલે શનિવારે (૧૪ જૂન) પવન-ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જ્યારે આજે પણ અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભરૂચ, વલસાડ સહિતના અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડ્યો છે. તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

## બોડેલીની નેન્સી પટેલના અંતિમ સંસ્કાર પહેલા જ તંત્રની ઘોર બેદરકારી

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૫ ।

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ના ગંગા નગર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ પટેલની પુત્રી નેન્સી પટેલ જેના વડોદરા ખાતે લગ્ન થયા છે તે દીકરીનું અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયું હતું. નેન્સી પટેલ પોતાની દીકરીને મૂકવા વડોદરા આવી હતી અને પરિવારને મળવા માટે બોડલી પણ આવી હતી પરંતુ વિદાય એ રીતે થશે તે કોઈ કલ્પી પણ ન શક્યું.

મૃતદેહોની ઓળખ માટે પરિવાર જન્મમાં ઢ્ઢ્ઢ્છ સેમ્પલ લઈ ટેસ્ટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી તંત્ર દ્વારા તેના પરિવારજનોને ફોન કરીને જાણ કરવામાં આવી કે "તેમનો ડીએનએ રિપોર્ટ મેચ થયો છે" અને મૃતદેહ લેવા માટે અમદાવાદ બોલાવ્યા હતા. ત્યારે પરિવારજનો એમ્બ્યુલન્સ લઈ નેન્સીનો મૃતદેહ લેવા વડોદરાથી અમદાવાદ પહોંચ્યા હતા.

તેના આધારે પરિવારજનો શનિવારે નેન્સીના અંતિમ સંસ્કારની તૈયારીમાં લાગી ગયા હતા સગા-સંબંધીઓને જાણ કરવામાં આવી દુઃખદ વળાંક આવ્યો ત્યારે, જયારે તંત્ર તરફથી માહિતી મળીને જણાવ્યું કે જે ઢ્ઢ્ઢ્છ રિપોર્ટ મેચ થયો છે તેમાં "નેન્સીનું નામ નથી". આ સમાચાર મળતાની સાથે આખું પરિવાર ધક્કામાં આવી ગયું. પૂરજોશે કરાયેલા અંતિમ સંસ્કારના આયોજનને તાત્કાલિક મેસેજ અને ફોન કરી રદ કરવું પડ્યું.

### અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૨૭૪ જેટલા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો

# પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની કુળદેવી સમક્ષ કરેલી બે ઈચ્છાઓ અધૂરી રહી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ ।

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૨૭૪ જેટલા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાંથી એક મૃતક પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હતા. ગણતરીની સેકન્ડોમાં વિમાન ક્રેશ થતાં રૂપાણીનું આકસ્મિક નિધન થયું હતું. તેમની મૃત્યુ પહેલા ૨ ઈચ્છાઓ હતી જે હવે અધૂરી રહી ગઈ છે.



વિજય રૂપાણીનું પૈતૃક ગામ ચણાકામાં આવેલ અંબા માતા પર ખૂબ શ્રદ્ધા ધરાવતા હતા. કુળદેવી અંબા માતા અને સુરાપુરા દાદાનાં દર્શન માટે તેઓ દર વર્ષે આવતા હતા. તેમણે માતા અંબાનાં મંદિરને સ્વ ખર્ચે ૫૦ લાખ જેટલી કિંમતનો ખર્ચ કરી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જીવનમાં પ્રથમ વખત ૧૧ કલાક સુધી યજ્ઞમાં બેઠા હતા. બે દિવસ ચાલનારી પ્રાણ-પ્રતિષ્ઠામાં વિજય રૂપાણી પરિવાર સાથે હાજર રહ્યાં હતા, અને મનોકામના પૂર્ણ કરી હતી. પરંતુ બીજી ઈચ્છા પૂરી કરતા પહેલા તેઓએ દુનિયાને અલવિદા કરી દીધું.

પ્રાપ્ત વિગતો અનુસાર, તેમણે મંદિર સુધી પહોંચવા ભક્તો માટે લિફ્ટ બનાવડાવવી હતી. મંદિર સુધી જવા ૮૦ પગથિયાં ચઢવા પડે છે, જેથી અસક્ત, વૃદ્ધ વ્યક્તિઓને તકલીફ ન પડે. સ્થાનિકોનું કહેવું છે કે વિજય રૂપાણી સાથેનાં અમારા સંબંધો બાળપણથી હતા. અહીં આવવાનું હોય એટલે ફોન કરીને કહી દેતા, હું આવું છું, એટલે આખું ગામ તૈયાર રહેતું. બીમાર, કમજોર વ્યક્તિઓની મદદ માટે તેઓ હંમેશા આગળ રહેતા.

ગ્રામજનોનું કહેવું છે કે રૂપાણીભાઈએ જે કર્યું છે તે કદી ભૂલી શકાશે નહીં. તેઓ સમાજસેવા માટે હંમેશા આગળ રહેતા હતા. પશુ-પંખીઓ માટે ચબૂતરો, ગૌશાળા બાંધવી અથવા તેને લઈ કાર્યો પૂર્ણ કરવા, સમસ્યાઓનું નિરાકરણ જાતે લાવતા હતા. તેમના નિધનથી સ્થાનિકોએ મજબૂત સ્તંભ ગુમાવ્યો છે તેવું તેમનું કહેવું છે. નાગરિકોની સમસ્યાનું નિરાકરણ લાવવા તેઓ હંમેશા આગળ રહેતા હતા. માળખાકીય સુવિધા કે નાની નાની અરજી નિકાલનું કામ હોય, બધું પોતાનું સમજીને કરતા હતા.

## વિમાનમાં સવાર મુસાફરો ઉપરાંત, ટાટા ગ્રુપ માર્યા ગયેલા 33 લોકોને પણ વળતર આપશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

ટાટા ગ્રુપે જાહેરાત કરી છે કે તે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૩ અન્ય લોકોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપશે. આનો અર્થ એ થયો કે ટાટા ગ્રુપે કહ્યું છે કે તે એવા લોકોને પણ વળતર આપશે જેઓ વિમાનમાં નહોતા પરંતુ આ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ઘટના સમયે, આ ૩૩ લોકો અમદાવાદમાં બીજે મેડિકલ કોલેજના કેમ્પસમાં હતા. આ કેમ્પસ અમદાવાદ એરપોર્ટની બાજુમાં આવેલું છે.ટાટા ગ્રુપે એમ પણ કહ્યું છે કે તે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના તબીબી ખર્ચનો ભોગ બનશે. ગ્રુપે કહ્યું છે કે તે ખાતરી કરશે કે ઘાયલોને જરૂરી સંભાળ અને સહાય મળે.યાદ અપાવવા જેવી વાત એ છે કે ટાટા ગ્રુપે વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૪૧ લોકોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. ટાટા ગ્રુપે કહ્યું છે કે તે બીજે મેડિકલ હોસ્ટેલના પુનઃનિર્માણમાં પણ મદદ કરશે. વિમાન દુર્ઘટનામાં આ હોસ્ટેલને ભારે નુકસાન થયું છે.ટાટા ગ્રુપ દ્વારા જાહેર કરાયેલા ૧ કરોડ રૂપિયા ઉપરાંત, અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોને વીમા કંપનીઓ તરફથી લગભગ ૧.૫ કરોડ રૂપિયાનું વળતર પણ મળશે.

## ઝાલાવાડમાં ૫ વર્ષમાં ૬ બાળમજૂરને મુક્ત, ૧ લાખનો દંડ વસૂલાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૫ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૧ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. જિલ્લમાં કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૧૭ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૧૨ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. તેમજ શ્રમ આયુક્ત કચેરી દ્વારા કોઈ બાળક મજુરી કરતું દેખાય અથવા જણાઈ આવે તો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશન કે શ્રમ વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે તેમજ માહિતી આપનારની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે.



### અમદાવાદ વિમાન દુર્ઘટના : એર ઈન્ડિયાનું એક પેસેન્જર વિમાન ઉડાન ભર્યા પછી તરત જ અમદાવાદમાં ક્રેશ થયું

# અમદાવાદ શહેરમાં ક્રેશ થયેલા બોઇંગ ૭૮૭-૮ વિમાનનું જાળવણી તુર્કિશ ટેકનિક પાસે નહોતું

**મેડિકલ કોલેજ કેમ્પસમાં રહેતા લોકો પણ જ્યાં વિમાન પડ્યું હતું ત્યાં ફસાઇ ગયા । આ અકસ્માત અંગે ઘણા પ્રશ્નો ઉભા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ વિમાન દુર્ઘટના: એર ઈન્ડિયાનું એક પેસેન્જર વિમાન ઉડાન ભર્યા પછી તરત જ અમદાવાદમાં ક્રેશ થયું. ૧૨ મેના રોજ થયેલા આ વિમાન દુર્ઘટનામાં, એક મુસાફર સિવાય, તમામ ૨૪૧ લોકો મૃત્યુ પામ્યા હતા. તે જ સમયે, મેડિકલ કોલેજ કેમ્પસમાં રહેતા લોકો પણ જ્યાં વિમાન પડ્યું હતું ત્યાં ફસાઈ ગયા. આ અકસ્માત અંગે ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. જોકે, આ ભયાનક અકસ્માતનું સત્ય અકસ્માતની તપાસ પૂર્ણ થયા પછી જ બહાર આવશે. તે જ સમયે, આ વિમાન દુર્ઘટના પછી, એવી ચર્ચા થઈ હતી કે એર ઈન્ડિયાના વિમાનોનું જાળવણી તુર્કી કંપની પાસે હોવાથી, એ પણ શક્ય છે કે તેણે કોઈ કાવતરું ઘડ્યું હોય.

જ્યારે આ બાબતોની ચર્ચા તીવ્ર બની, ત્યારે તુર્કી દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું છે. તુર્કીએ કહ્યું કે અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭-૮ વિમાનનું જાળવણી તુર્કિશ ટેકનિક પાસે નહોતું. આ પ્રકારના જે પણ દાવા કરવામાં આવી રહ્યા છે તે સંપૂર્ણપણે ખોટા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૪-૨૫માં એર ઈન્ડિયા અને ટર્કિશ



ટેકનિક વચ્ચે થયેલા કરારો હેઠળ, ખાસ કરીને બી-૭૭૭ પ્રકારના વાઇડ-બોડી વિમાન માટે જાળવણી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ક્રેશ થયેલ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર આ કરારના કાર્યક્ષેત્રમાં આવતું નથી.

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે- જોકે અમે જાણીએ છીએ કે ક્રેશ થયેલા વિમાનની જાળવણી કઈ કંપની કરી રહી હતી, પરંતુ આ બાબતો પર નિવેદન આપવું અમારા અધિકારક્ષેત્રની બહાર છે. આ અકસ્માત ખૂબ જ દુઃખદ હતો. આ દુઃખની ઘડીમાં અમારી સહાનુભૂતિ ભારતના લોકો સાથે છે.

વાસ્તવમાં, ટર્કિશ ટેકનિક, એક તુર્કી કંપની, એક વૈશ્વિક ઉડ્ડયન સેવા પ્રદાતા છે. કેટલીક ભારતીય એરલાઈન્સ પણ તેની સેવાઓ લે છે. આ કંપની એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭ કાફલાનું જાળવણી સંભાળે છે. જો કે, એર ઈન્ડિયા તુર્કી કંપની તેમજ ભારતની એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસ લિમિટેડ અને કેટલાક અન્ય દેશો દ્વારા વિમાનોનું જાળવણી કરાવી રહી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષમાં તુર્કીએ પાકિસ્તાનને ટેકો આપ્યો હતો, જેના કારણે ભારતે તુર્કીનો બહિષ્કાર કરવાનું શરૂ કર્યું હતું. આવી સ્થિતિમાં, એર ઈન્ડિયાએ તુર્કી ટેકનિક સાથેનો કરાર પણ સમાપ્ત કર્યો.

### સુઈગામ તાલુકાના ધનાણા ગામમાં દારૂ પીવા પર દંડની જોગવાઇ

# દારૂ પીવા કે વેચાણ પર ૨,૦૦,૦૦૦નો દંડ, ગ્રામજનોએ દારૂબંધીને લઈને નિર્ણય કયો

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૧૫ ।

રાજ્યમા દારુ બંધી છે, પરંતુ દારુના શોખીનો કોઈને કોઈ રીતે દારૂ પીવાની વ્યવસ્થા કરી જ લે છે.. દારૂના શોખીનોની સંખ્યા મોટી હોવાથી દારૂ વેચનારાઓ પણ ઉભા થઈ જતા હોય છે.. દારૂનું વ્યસન એવું વ્યસન છે જે સમગ્ર પરિવારને બરબાદ કરી નાંખે છે.કેટલાક ગામો આ બદીને નાથવા આગળ આવે છે અને પોતાના ગામ માટે અલગ નિયમ પણ બનાવે છે જેથી ગામને વ્યસન મુક્ત કરી શકાય.આવું જ એક ગામ છે સરહદી જિલ્લા બનાસકાંઠાના સૂઈગામ તાલુકામાં આવેલું ધનાણા ગામ.સુઈગામ તાલુકાના ધનાણા ગામમાં દારૂ પીવા પર દંડની જોગવાઈ કરવામાં આવી છે. ગામના શિવ મંદિરમાં ગ્રામજનોની બેઠક યોજાઈ હતી..જેમાં એવું નક્કી કરાયું હતું કે ધાનાણા ગામમાં કોઈ દારુ પીશે કે દારૂનું વેચાણ કરશે તો તેને ૨ લાખ રૂપિયા દંડ ફટકારવામાં આવશે..ગામના લોકોએ દાર ન પીવાના અને દારૂ ન વેચવાના શપથ શિવમંદિરમાં લીધા હતા. ગ્રામજનોનું માનવું છે કે દારુબંધીના કારણે ગામ વ્યસન મુકત બનશે. રાજ્યમા દારુ બંધી છે, પરંતુ દારુના શોખીનો કોઈને કોઈ રીતે દારૂ પીવાની વ્યવસ્થા કરી જ લે છે.. દારૂના શોખીનોની સંખ્યા મોટી હોવાથી દારૂ વેચનારાઓ પણ ઉભા થઈ જતા હોય છે.. દારૂનું વ્યસન એવું વ્યસન છે જે સમગ્ર પરિવારને બરબાદ કરી નાંખે છે.કેટલાક ગામો આ બદીને નાથવા આગળ આવે છે.

### મેટ્રીમોનિયલ સાઈટ પરથી લગ્નને બહાને ઈન્દોરની હોટલમાં બળાત્કાર ગુજારનાર વડોદરાનો યુવક પકડાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૫ ।

મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો. બંનેની પ્રોફાઈલ મેચ થતાં બે મહિના સુધી મોબાઈલ પર સંપર્કમાં રહ્યા હતા અને ત્યારબાદ ઈન્દોરમાં મુલાકાત ગોઠવી હતી. વડોદરાનો યુવક બે દિવસ ઈન્દોરની હોટલમાં રોકાયો હતો. જે દરમિયાન બંને વચ્ચે ઝઘડો થતાં યુવકે યુવતીના મોબાઈલ નંબર ને બ્લોક કરી દીધો હતો. જેથી તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઈન્દોર પોલીસે વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભરત પ્રકાશ ચંદ્ર જેનાની સમૃદ્ધિ સાફલ્ય ફ્લેટ યમુના મીલ સોમા તળાવ પાસે ડભોઈ રોડને ઝડપી પાડી ઈન્દોર પોલીસને તજવીજ કરી હતી. મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો.

### હું ટાટાને ૨ કરોડ રૂપિયા આપીશ, મારા પિતાને પાછા લાવો : ફાલ્ગુની

। પ્રતિનિધિ, અમદાવાદ,ત.૧૫ ।

એર ઈન્ડિયાના AI-૧૭૧ વિમાન દુર્ઘટનામાં પિતાના મૃત્યુથી આઘાત પામેલી પુત્રી ફાલ્ગુનીનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે જો તેઓ તેના પિતાને પાછા લાવી શકે, તો તે ટાટા ગ્રુપને ૨ કરોડ રૂપિયા આપવા તૈયાર છે. તમને જણાવી દઈએ કે અકસ્માત બાદ ટાટા ગ્રુપે મૃતકોના પરિવારજનોને ૧ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. ફાલ્ગુની તેના પિતાના મૃતદેહની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ માટે તેના લોહીના નમૂના આપવા આવી હતી, તેના નિવેદન અને ચારેબાજુ ભયના વાતાવરણ વચ્ચે, બીજે મેડિકલ કોલેજમાં લોહીના નમૂના આપવા માટે એકઠા થયેલા પરિવારોમાં નિરાશાનું વાતાવરણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. ઘણા લોકો રડી રહ્યા હતા અને ઘણા ચૂપચાપ બેઠા હતા.ફાલ્ગુની તેના પિતાના અચાનક મૃત્યુથી ખૂબ જ આઘાત પામી છે. તેણે રડતા રડતા પૂછ્યું - શું વળતર ક્યારેય મારા પિતાને પાછા લાવી શકે છે? મારી માતા બીમાર છે, અને તેને મારા પિતાની જરૂર છે. મને તેમના પ્રેમ અને સ્નેહની જરૂર છે. "જો તેઓ મારા પિતાને પાછા લાવી શકે, જેમને હંમેશા એર ઈન્ડિયામાં મુસાફરી કરવાનું પસંદ હતું, તો હું તેમને ૨ કરોડ રૂપિયા આપીશ," ફાલ્ગુનીએ પોતાના બ્લડ સેમ્પલ આપવાની રાહ જોતા કહ્યું.સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે ૨૧૯ લોકોના સેમ્પલ લેવાનું પૂર્ણ થઈ ગયું છે. મોટાભાગના સંબંધીઓએ સેમ્પલ આપ્યા છે. "અમને કેટલાક વિદેશી નાગરિકો પણ મળ્યા છે. માનવ અવશેષોનું ડીએનએ વિશ્લેષણ પણ કરવામાં આવી રહ્યું છે. એકવાર મેચિંગ થઈ ગયા પછી, ઓળખ શરૂ થશે. ત્યારબાદ, મૃતદેહો સંબંધીઓને સોંપવામાં આવશે," એક અધિકારીએ જણાવ્યું. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકોના ડીએનએનું વિશ્લેષણ કરવા માટે ઘણી ટીમો તૈનાત કરવામાં આવી છે.








## તંત્રી લેખ..

# જાતિની વસતી ગણતરીને કેમ રોકી દેવાઇ

બિહારમાં જાતિ આધારિત વસતી ગણતરીને રોકી દેવામાં આવી છે. આના કારણે એકબાજુ નીતિશ કુમારનાં નેતત્વમાં સરકારને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે નીતિશ કુમારનાં આ ડ્રીમ પ્રોજેક્ટમાં શુ ખામી હતી તેને લઈને પણ સામાન્ય લોકોમાં ચર્ચા છેડાઈ ગઈ છે. આના કારણે આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર પણ શરૂ થઈ ગયો છે. જો કે હાઈકોર્ટમાં ચર્ચા દરમિયાન કેટલીક બાબતો ઉભરીને સપાટી પર આવી હતી. કઈ કઈ બાબતો અડચણરૂપ છે તે તે બાબત પણ સપાટી પર આવી છે. બિહારમાં વસતી ગણતરીને લઈને તમામ સવાલો વચ્ચે અમે આપને જણાવી દઈએ કે પહેલી વખત વસતી ગણતરી ૧૮૮૧માં થઈ હતી. ૧૮૮૧થી ૧૯૩૧ સુધી દરેક વસતી ગણતરીમાં જાતિગત આંકડા પણ એકત્રિત કરવામાં આવ્યા હતા. સ્વતંત્રતા બાદ માત્ર એક વખત અને એ પણ એસટી અને એસસીનાં જાતિગત આંકડા એકત્રિત કરવામાં આવ્યા હતા. દરેક વ્યક્તિને ગણવાની બાબત વસતી ગણતરી છે. જો કે જાતિ વસતી ગણતરીને રાજ્ય સરકાર જાતિ આધારિત વસતી ગણતરી અથવા તો સરવે તરીકે ગણાવી રહી હતી. રાજ્ય સરકારનો આ દાવો જ સૌથી પહેલા હાઈકોર્ટની સમક્ષ ફ્લોપ થઈ ગયો હતો. આ જ સવાલમાં હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.પટણા હાઈ કોર્ટમાં કેટલાક સવાલ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં પણ મામલો પહોંચ્યો હતો. અંતમાં હાઈકોર્ટની શરણમાં કેસ આવ્યો હતો. પટણા હાઈકોર્ટે ફેસલા પર બે મહિના માટે પ્રતિબંધ લાગૂ કરવામાં આવ્યો છે. સરકારે હાઈકોર્ટનાં ચુકાદા બાદ સ્પષ્ટતા પણ કરી દીધી છે. કોર્ટે કબુલાત કરી હતી કે સરકાર ભલે આને જાતિગત વસતી ગણતરી કહે છે પરંતુ તે વસતી ગણતરી કરતા અલગ વાત નથી. દલીલોમાં જાતિનાં કોડથી લઈને કિન્નરો સુધીની વાત કરવામાં આવી હતી. સરકારે કેટલીક બાબતોને ધ્યાનમાં લીધી છે. બિહાર સરકાર કેટલાક મુદ્દાને લઈને મૌન પણ છે. કેટલીક બાબતો કોર્ટમાં દલીલો દરમિયાન સપાટી પર આવી છે. જ્યારે દરેક જાતિનાં દરેક વ્યક્તિની વાત થઈ રહી હતી ત્યારે આ ગણતરી અથવા તો વસતી ગણતરીથી પીછેહટ કરવાનો કોઈ ઉદ્દેશ્ય ન હતો. ગુરૂવારે પટણા હાઈકોર્ટે કેટલીક બાબતો સ્પષ્ટ કરી હતી. જાતિ વસતી ગણતરી શરૂ થતા પહેલા એક યાદી ખુબ વાયરલ થઈ હતી. જ્યારે એ યાદી એ વખતે ૨૦ દિવસ પહેલાની હતી. જો કે માહિતી આપવામાં આવી હતી કે આ યાદીમાં સુધારો કરવામાં આવ્યો છે. બિહારનાં લોકોએ જાતિ સાથે સંબંધિત યાદીમાં રહેલી ખામીને દુર કરવા માટે કહ્યું છે. જાતિઓની યાદી બાદ કેટલાક સવાલ થઈ રહ્યા હતા. પ્રગણકને શ્રીવાસ્તવ, લાલા અથવા તો લાલ જાતિ દર્શાવનાર લોકો આખરે કઈ જાતિમાં સામેલ થશે. હકીકતમાં હિન્દુ દર્જી જાતની સાથે કાયસ્થોની પેટા જાતિ શ્રીવાસ્તવ અને ટાઈટલ લાલા અને લાલને પણ રાખવામાં આવ્યા હતા. જાતિ વસતી ગણતરીનો વિરોધ થઈ રહ્યો હતો.

# સફળતા માટે સતત મુલ્યાંકન જરૂરી

જીવનમાં તમામ ઉંચાઈ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જાણી લેશે. તેમને એક ભય આ બાબતને લઈને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે. તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઈ લેશે. પોતાની લાઈફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમને જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઈ મોટી કંપનીના માલિકથી લઈને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમા ંપણ આવી જ કોઈ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઈને શંકા કરતા રહે છે. જો તમે લાઈફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઈચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઈએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઈએ. તેમના ગુણની સાથે સાથે તેમના દૌષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઈએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે. આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઈ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઈ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઈ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઈ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઈને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઈ ન માની લે તેમ અનુભવ કરે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**૭મે : રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ । ટાગોરે ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન" લખ્યું...**


**ગુરુવર રવીન્દ્રનાથ ટાગોર વિશ્વની એક માત્ર એવી વ્યક્તિ છે, જેમની રચના એક કરતાં વધુ દેશનાં રાષ્ટ્ર ગીત તરીકે માન્યતા પામી છે. તેમની અન્ય એક કવિતા આમાર શોનાર બાંગ્લા બાંગ્લાદેશનાં રાષ્ટ્ર ગીત તરીકે ગવાય છે.**

# નોબેલ પુરસ્કાર મેળવનાર એશિયાના પ્રથમ વ્યક્તિ

**રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ કલક્તાના એક સમૃદ્ધ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો અને તે તેના પરિવારમાં સૌથી નાનો ભાઈ હતો. નવી વસ્તુઓ શીખવાની ખૂબ ઇચ્છા ધરાવતો તે બહુ-પ્રતિભાશાળી વ્યક્તિત્વ હતો.**

મહાન બંગાળી કવિ, વિદ્વાન, નવલકથાકાર, નાટ્યકાર, માનવતાવાદી અને નોબેલ વિજેતા રવીન્દ્રનાથ ટાગોરની૭મે ના રોજ જન્મજયંતિની ઉજવણી કરાય છે . આ દિવસ મે મહિનામાં બંગાળી કેલેન્ડર મહિનાના ૨૫ મા દિવસે વૈશાખની ઉજવણી કરવામાં આવે છે.

સમૃદ્ધ બંગાળી પરિવારમાં જન્મેલા, રવીન્દ્રનાથ ટાગોર બંગાળી સાહિત્ય અને રાજકારણના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે જાણીતા છે. તેમની કવિતાઓ, ટૂંકી વાર્તાઓ, ગીતો (રવીન્દ્ર સંગીત તરીકે ઓળખાય છે), નાટકો અને નવલકથાઓ આજે પણ કલાના વિવિધ ક્ષેત્રોમાં આદરણીય અને વિશ્લેષણ કરે છે. વિશ્વ સાહિત્યમાં તેમના યોગદાન માટે તેઓ નોબેલ પુરસ્કાર (૧૯૧૩) મેળવનારા પ્રથમ બિન-યુરોપિયન હતા. ટાગોરે ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન" લખ્યું. તેમણે બાંગ્લાદેશ માટે રાષ્ટ્રગીત પણ લખ્યું હતું. તેમની અન્ય નોંધપાત્ર કૃતિઓમાં ગીતાંજલિ, પોસ્ટ માસ્ટર, કાબુલીવાલા, નસ્તાનીરહ, કેટલાક નામ શામેલ છે. તેમના ગીતો જેવા કે, માજે માં ટોબે, આકાશ ભારા, અમર હિયાર માજે, પુરાનો સેઈ ડીનર કોઠા, અને મેઘર કોલે, જેવા અન્ય લોકો હજી પણ બંગાળ અને ભારતના જાણીતા ગાયકો દ્વારા પ્રસ્તુત છે.



પ્રશંસાપત્ર ફિલ્મમેકર અને એકેડમી એવોર્ડ વિજેતા સત્યજિત રેએ ટાગોરની ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓ પર આધારિત કેટલીક નોંધપાત્ર મૂવીઝ બનાવી. ટાગોરે પશ્ચિમ બંગાળના શાંતિનિકેતનમાં પ્રખ્યાત વિશ્વ-ભારતી યુનિવર્સિટીની સ્થાપના પણ કરી. રવિન્દ્રનાથ ટાગોર વર્ગખંડના અધ્યાપનમાં ક્યારેય માનતા નહીં. તેથી, તેમણે પ્રકૃતિની વચ્ચે વર્ગો યોજવાના વિચારની રજૂઆત કરી, જે યુનિવર્સિટી અને તેના વિદ્યાર્થીઓ દ્વારા અનુસરવામાં આવે છે. તેમના જીવનના પછીના તબક્કા દરમ્યાન તેઓ બ્રિટિશ શાસનની ટીકા કરતા હતા અને જલિયાવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં "નાઈટહૂડ" નો ત્યાગ કરતા હતા.

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ કલકત્તાના એક સમૃદ્ધ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો અને તે તેના પરિવારમાં સૌથી નાનો ભાઈ હતો. નવી વસ્તુઓ શીખવાની ખૂબ ઈચ્છા ધરાવતો તે બહુ-પ્રતિભાશાળી વ્યક્તિત્વ હતો. ભારતીય સાહિત્ય અને સંગીતમાં તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. ફક્ત પશ્ચિમ બંગાળમાં જ નહીં પરંતુ દેશના તમામ પ્રદેશોમાં પણ લોકો તેમના જન્મદિવસ પર તેમના યોગદાનને યાદ કરે છે. તે શું હતો? રવીન્દ્રનાથ ટાગોર એક જાણીતા કવિ, નવલકથાકાર, સંગીતકાર અને દ્રશ્ય કલાકાર હતા. ૧૯૧૩ માં, ભારતીય સાહિત્યમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમને સૌથી પ્રતિષ્ઠિત નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. આ એવોર્ડ મેળવનાર તે એશિયાનો પ્રથમ વ્યક્તિ હતો.

ઘણા લોકોને આજે પણ તેમની નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ વાંચવી ગમે છે. તેમણે ગીતો, રાજકીય અને વ્યક્તિગત મુદ્દાઓ પર નિબંધો અને નૃત્ય-નાટકો પણ લખ્યા હતા. તેમની મહાન કૃતિઓમાં ખારે-બાયરે, ગોરા અને ગીતાંજલિનો સમાવેશ થાય છે. તેમની મહાન લેખન કુશળતા અને નવીન વિચારસરણીને કારણે તેઓ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત હતા. ટાગોરે દેશમાં સાંસ્કૃતિક સુધારાની રજૂઆત કરી. 'જન ગણ મન' તેની શ્રેષ્ઠ રચના છે. તેને ભારતના રાષ્ટ્રગીત તરીકે અપનાવવામાં આવ્યું. રવીન્દ્રનાથ ટાગોરના લખાણો એ પવિત્ર ધર્મશાસ્ત્ર અને ભારતીય કવિતાનું સંપૂર્ણ મિશ્રણ છે. ઉપનિષદ અને વેદોમાંથી, તેમના દ્વારા વિચારો લેવામાં આવ્યા હતા.

તેમના કાર્યની ઝલક અને અસર ગત ૧૯મી અને તાજેતરની ૨૦મી સદીના બંગાળી સાહિત્ય અને સંગીત પર જોવા મળે છે.તેમણે જ્યારે ૧૯૧૩માં સાહિત્ય માટેનો નોબલ પારિતોષિક મેળવ્યો ત્યારે આ નોબલ પારિતોષિક મેળવનારા તેઓ સૌપ્રથમ એશિયન હતાબંગાળના કોલકાતાના પિરાલિ બ્રાહ્મણ પરિવારના ટાગોરે આઠ વર્ષની ઉંમરે પહેલી કવિતા લખી હતી.૧૬ વર્ષની ઉંમરે તેમણે પોતાની પ્રથમ કવિતા ભાનુસિંઘો ("સુર્ય સિંહ")ના નામે લખી. તેમણે પોતાની ટૂંકી વાર્તાઓ અને નાટકો ૧૮૭૭માં લખ્યા. પોતાની જીંદગીના અંતિમ તબક્કા દરમિયાન તેણે બ્રિટિશ રાજનો વિરોધ કર્યો અને ભારતની સ્વાતંત્ર્ય ચળવળને ટેકો આપ્યો હતો. ટાગોરનું કામ જે કવિતાના સ્વરૂપમાં છે ટોગોરે રચેલી સંસ્થા, વિશ્વ-ભારતી યુનિવર્સિટીમાં સચવાયેલું છે.ટાગોરે નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ, ગીત, નૃત્ય નાટિકાઓ અને રાજકારણ અને વ્યક્તિગત વિષયો પર નિબંધો પણ લખ્યા છે.તેમની ટૂંકી વાર્તાઓ, ટુંકા કાવ્યો અને નવલકથા કે જેમાં તાલબદ્ધ, ગીત સ્વરૂપ, બોલચાલની ભાષા અને ચિંતનપાત્ર પ્રકૃતિવાદ, અને દાર્શનિક ચિંતન વણી લેવામાં આવ્યું હતું તેને વૈશ્વિક પ્રસિદ્ધી મળી હતી. ટાગોર સાંસ્કૃતિક સુધારાવાદી હતી અને મહાન વિદ્યાપ્રવીણ હતા.



મન ઉપવન

મુકેશ આંજણા

**માણસ પાસે અદ્ભૂત શક્તિઓ પડી છે. કેટલીક વખત જીવનનો ફેંસલો નિર્ણય શક્તિ પર આવીને ટકે છે.**

**જીવનને સુવાળું બનાવવાની કોશિશમાં રહીએ તો એક દિવસ ચોક્કસ પરિણામ મળી શકે છે. ઘણી વખત સમયની ધાર ઘણી મજબુત હોય છે, તો સામે છેડે જીવનને ધારદાર બનાવવા માટે ભીતરની સજાગ શક્તિની જરૂર પડે છે. માણસ જીવનને ઉલટું સમજે છે.**

# તમે જાણો છો ? જીવનનાં ઓરડામાં હર્ષ-ઉલ્લાસની નદી ખળખળ વહે છે

**માણસ ઘણી વખત જીવે છે પરંતુ જીવનથી વાકેફ થતો નથી. જીવનથી વાકેફ હોવું એટલે જીવન કંઇ દિશા તરફ ગતિ કરે તેનો ખ્યાલ હોવો. જીવનમાં સંયમ પૂર્વક જીવશો તો ખુશીના બારણા ખુલતા જશે.**

જીવનનો પૂર્ણ અર્થ હોતો નથી. હર્ષ-ઉલ્લાસ સાથે જીવન જીવવું એ ખરો અર્થ છે. અમારે ગામડે એ કહેવત વધારે બોલાય છે. ફલાણાની જિંદગી એળે ગઈ. આ વાતમાં ઘણું વજૂદ નથી. મૂળ વાત એ છે જીવનને જીવવા લાયક બનાવવું પડે છે. જીવનને સુવાળું બનાવવાની કોશિશમાં રહીએ તો એક દિવસ ચોક્કસ પરિણામ મળી શકે છે. ઘણી વખત સમયની ધાર ઘણી મજબુત હોય છે, તો સામે છેડે જીવનને ધારદાર બનાવવા માટે ભીતરની સજાગ શક્તિની જરૂર પડે છે. માણસ જીવનને ઉલટું સમજે છે. જીવનને સમજવા માટે આકરી મહેનત કરવી પડે છે. આપણે ઘણી વખત એવું કહેતા હોઈ છીએ કે, જીવનમાં કરવા જેવું કશું નથી. જીવનની વિશાળતા ઘણી મોટી છે. જીવનની વિશાળતા વચ્ચે સતત પ્રયત્નશીલ રહીને જીવનને ચળકાટ આપવો જોઈએ. માણસને હાંફતું જીવન જીવવાનું છોડી દેવું જોઈએ, નિરાંતવાળું જીવન જીવવું જોઈએ. જેથી કરી જીવનનું અસલી સુખ ક્યાં છે તેની ખબર પડે. ચવાઈ ગયેલા જીવનમાંથી માણસને બહાર આવવા માટે દિવ્ય સાર્ખકતાના સ્વરૂપ સમજવા જોઈએ. જીવનનું પરમ સુખ ઉજળા દિવસો નિર્માણ કરો તેમાં છે. જીવનની લગામ માણસનાં હાથમાં હોય છે. જીવનની ચોક્કસ દિશાની રેખા છે. જીવનની લગામમાં સુખ, દુઃખના સોપાનો હોય છે. જીવનની લગામ એટલે તમારા જીવનને કંઈ દિશા તરફ ઢાળવું. નૈતિકતાનું સર્જન થાય તેમાં જીવનનો આસ્વાદ છે.

મનોવિજ્ઞાનિક એરિક ફ્રોમે 'ધ ફીઅર ઓફ ફ્રીડમ' નામનું વિશ્વ પ્રસિદ્ધ પુસ્તક લખ્યું છે. આપણી ગુજરાતી ભાષામાં 'શાણો સમાજ' કરીને અનુવાદ કાન્તિ શાહે કર્યા છે.



આ ખ્યાતિ પામેલા પુસ્તકમાં લખ્યું છે સુખ જન્મે છે સર્જનાત્મક જીવનના અનુભવમાંથી, અને જગત સાથે આપણને સાંકળતી પ્રેમને સમજણની આપણી શક્તિઓના ઉપયોગમાંથી વાસ્તવિકતાના અંતસ્તલને સ્પર્શવામાં સુખ રહેલું છે. આપણી જાતને ઓળખવામાં તથા બીજાઓ સાથેની આપણી એકતા અને બીજાઓ સાથેની આપણી ભિન્નતા પિછાનવામાં સુખ રહેલું છે. સુખ એ તો તીવ્ર આંતરિક પ્રવૃત્તિની અવસ્થા છે. અને આપણી જાત સાથેના તેમજ જગત સાથેના સર્જનાત્મક સંપર્કમાંથી નીપજતી, પાંગરતી ચેતના શક્તિની અનુભૂતિ છે. આપણી આજુબાજુ વિસ્મય સપનું કોતરાતું હોય છે. સુખનો અર્થ સફળ થવું તે નથી. સુખનો અર્થ જીવનના મૂલ્યોનું અજવાળું થાય તે છે. માણસની પાસે સમય જેવી ચીજને સમજવાનો રિવાજ તૂટતો જાય છે. સફળતાની ઝંખનામાં આખે-આખો જીવનનો અર્થ ધૂળધાણી થઈ જાય છે. જો તમે એમ ધારતા હોં કે જીવનનું સુખ બહારની દુનિયામાં છે. તો બિલકુલ ખોટી વાત છે. માણસની અંદર સદંતર ખળખળ કરતી વિશાળ દુનિયાને પ્રગટતી જ્યોતિ આપી શકે તેવી નદી વહે છે. તે વહેણ માણસને જાણવા માટે ગહન રીતે પુર્ણતાનો અનુભવ કરવો પડે છે.લેખકના મથાળે નિંદા ફાઝલીની કવિતા લખી છે તેનો સારાંશ બહુઅર્થી છે. જીવનમાં દુઃખ આવે તો સુખમાં તમારે જાતે જ તબદિલ કરવાનું છે. જીવનને સમયના આઈનામાં ચોખ્ખું ચણાંક કરતા રહો, જીવન જીવવા માટે નવો રસ્તો પાડવાની જરૂર જણાય ત્યારે નવો રસ્તો પાડતા રહો. માણસને જીવનમાં એક એવરેસ્ટ નક્કી કરી રાખવું જોઈએ. નક્કી કરેલા એવરેસ્ટ સુધી પહોંચવામાં જે તમે મહેનત કરો છો તેમાંથી આનંદ પ્રાપ્ત થશે. આપણી આજુબાજુ બધું બદલાતું દેખાય છે એટલે જીવનના માર્ગમાં ધૂપ તો હશેજ, પરંતુ માણસ પોતાનો મુકામ હાંસલ કરવામાં નહીં પરંતુ જીવનને નવો આયામ આપવા માટે સતત મથતાં રહેવું જોઈએ. જીવન જીવવા માટે સોચ મહત્ત્વની વસ્તુ છે. થોડી ધીરજ, થોડી શાંતિ અને તમારામાં વિચાર કરવાની સોચ હશે તો ઘણી બધી આફતોમાંથી બહાર આવી શકશો. માણસ પાસે અદ્ભૂત શક્તિઓ પડી છે. કેટલીક વખત જીવનનો ફેંસલો નિર્ણય શક્તિ પર આવીને ટકે છે. ખેડૂત પોતાના પાકની વાવણી એકના એક ખેતરમાં કરતો નથી. પાકની ઋતુ પ્રમાણે ફેરબદલી કરવી પડે છે. જીવનમાં ઘણી વખત બદલાવ લાવવો પડે છે. એઈલીન કેડીને કહેલું-જીવન જીવતી વેળાએ તમારા ધોરણો ઊંચા રાખો, જેટલા વધુ ઊંચા ધોરણ તેટલું વધુ સારું. તમે જે કાંઈ કામ હાથમાં લો તે વિશે બેદરકાર કે બેફામ ન બનો. હંમેશા પુર્ણતામાં શ્રેષ્ઠ એ જ ધ્યેય હોવું જોઈએ. દેખીતી રીતે ત્યાં પહોંચવાનું અશક્ય લાગે તો પણ ત્યાં સુધી પહોંચવાનો, ત્યાં સુધી લંબાવાનો પ્રયત્ન કરતા જ રહો. સમજદાર માણસો કહેતા હોય છે જે કામ કરો છો તે પૂર્ણ કરી દમ લો. કદાચ તમને યાદ હશે કે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે એક કવિતા ભણાવવામાં આવતી 'કોશિશ કરનેવાલો કી હાર નહીં હોતી' સતત કોશિશ કરતા રહેવું તેમાં સફળતાનું સૂત્ર છે. કોશિશ કરવામાં થાકતા નથી તે માણસો જીવનથી કોઈ દિવસ હારતા નથી. કોશિશ એ તમારા જીવનનો 'પાવર' છે.

આપણે ઘણી વખત ડાહી ડાહી વાતોમાંથી બહાર આવતા નથી. યાદ રાખો જીવનને રૂડું-રૂપાળું બનાવું હોય તો તમારા અંદર સજાગ શક્તિ હોવી જરૂરી છે. લગભગ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતનાં ઈતિહાસમાં ચાણક્ય નામનો મહાન માણસ થઈ ગયો. પાછળથી પોતાના અમૂલ્ય રાજનીતિ વિશે સૂત્રોની વિશ્વને ભેટ આપી. પોતાની ચાણક્યનીતિમાં લખે છે. કામ કરનાર માણસને ગરીબાઈનો ભય રહેતો નથી. ઓછું બોલનાર માણસને ઝગડાનો ભય રહેતો નથી. અને જીવન પ્રત્યે જાગરૂક રહેનારા માણસને કોઈ પ્રકારનો ભય રહેતો નથી. જીવન જીવવાની ક્ષણને કાબુમાં લેવી એટલે કે જીવનના ઊંબરે સમજણતાનો અનુભવ કરવો. જીવનને તપસ્યાના કુંડમાં તપાડે તો માણસ પોતાની શક્તિને યોગ્ય દિશામાં વિકસાવી શકે છે.

જીવનમાં કશું ટકી રહેતું નથી. માણસ ખોટી રીતે વિષાદમાં જીવન જીવે છે. ખરેખર તો માણસને સંયમપૂર્વક જીવન પસાર કરવું જોઈએ. જો સંયમપૂર્વક જીવન જીવવામાં આવે તો તમે જીવનમાં મુક્તિ અનુભવશો. જીવનની પાસે મર્યાદા હોય છે, માનવીને સુખની મર્યાદા ઓળંગવી ન જોઈએ. જો માણસ પોતાના જીવનની શરત સ્વીકારે નહીં તો જીવન કેવી રીતે સારી રીતે પસાર કરી શકે. માણસ ઘણી વખત જીવે છે પરંતુ જીવનથી વાકેફ થતો નથી. જીવનથી વાકેફ હોવું એટલે જીવન કંઈ દિશા તરફ ગતિ કરે તેનો ખ્યાલ હોવો. જીવનમાં સંયમપૂર્વક જીવશો તો ખુશીના બારણા ખુલતા જશે. માણસની સ્વતંત્ર વિચારધારા પર રૂંકાવટ આવી જાય તો સંયમ જેવા ગુણો અલોપ થઈ જાય છે. આ દુનિયામાં બધી જગ્યાએ નિરાશાવાદી માણસો રહેતા હોય છે. નિરાશાવાદી માણસો આપત્તિજનક વિચારો સેવતા હોય છે, પણ જો તમારા સંયમ જેવા શોભાશીલ ગુણ હશે તો કોઈ દિવસ અંદરથી તૂટશો નહીં અને જીવનમાં આપોઆપ આગળ વધશો.જીવન પાસે વધારે પડતી અપેક્ષા રાખવી જોઈએ નહીં. જીવન એ તો એક પ્રકારે સતત વાવણી કરતા રહેવાનું ખેતર છે. જીવન પાસે જેટલી ઓછી અપેક્ષા એટલું વધારે સુખ મળી આવશે. જીવનનો રંગ કયા ખાનામાં ભરવો તે તમારે વિચારવું રહ્યું..



વિશેષ

હરદીપ એસ પુરી

# ગેસ આધારિત અર્થતંત્ર માટે તર્ક સંગત સુધારા

## મોદી સરકાર ભારતીય ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય તેલ અને ગેસના ભાવમાં વધઘટથી બચાવવા માટે અનેક પગલાં લઈ રહી છે

મોદી સરકાર ભારતીય ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય તેલ અને ગેસના ભાવમાં વધઘટથી બચાવવા માટે અનેક પગલાં લઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૩ ની વચ્ચે આંતરરાષ્ટ્રીય ગેસના ભાવમાં આશ્ચર્યજનક ૨૨૮% નો વધારો થયો હોવા છતાં, ભારતમાં CNG ના ભાવમાં વધારો ૮૩% પર સીમિત કરવામાં આવ્યો છે, જે વૈશ્વિક વધારાના માત્ર ત્રીજા ભાગ છે. વધતી કિંમતોની ટીકા કરવાનીઉતાવળમાં રાજકીય રીતે નિષ્ક્રિય લોકો, અન્ય મુખ્ય અર્થતંત્રોની તુલનામાં, ભારતે તેના નાગરિકોને ભાવની ભારે અસ્થિરતાથી બચાવવા માટે કેટલું સારું કર્યું છે તે જોવામાં નિષ્ફળ જાય છે.ઘરઆંગણે એડમિનિસ્ટર્ડ પ્રાઈસ મિકેનિઝમ (APM), ગેસની ફાળવણીમાં વધારો અને બિન-પ્રાથમિક વિસ્તારોમાંથી પરિવહન અને સ્થાનિક વિસ્તારોમાં ગેસનો પુરવઠો જેવા સક્રિય પગલાં દ્વારા આ શક્ય બન્યું છે. તાજેતરના, કેબિનેટના મહત્વપૂર્ણ APM ગેસના ભાવ સુધારણાઓની શ્રેણીને મંજૂરી આપતો નિર્ણય આ ઉદ્દેશ્યને આગળ વધારશે. આ સુધારાઓ દ્વારા બે મુખ્ય ઉદ્દેશો હાંસલ કરવામાં આવ્યા છે - પ્રથમ, ભારતીયોને અતિશય ભાવની અસ્થિરતાથી બચાવવા અને ગેસ-આધારિત ક્ષેત્રોમાં આયોજિત મૂડી ખર્ચ સાથે જોડાયેલા રોકાણો માટે સ્પષ્ટ માળખું પ્રદાન કરવું અને બીજું, સંશોધન અને ઉત્પાદન (E&P) માંનવીનતા અને રોકાણમાં વધુ પ્રોત્સાહન આપવું.નવી ડોમેસ્ટિક ગેસ પ્રાઈસીંગ ગાઈડલાઈન્સ, ૨૦૧૪ની મર્યાદાઓને કારણે તર્કસંગતીકરણ અને સુધારણા (R&R)ની જરૂરિયાત ઊભી થઈ, જે તાજેતરમાં સુધી ચાર આંતરરાષ્ટ્રીય હબ પર ગેસના વોલ્યુમ-વેઈટેડ એવરેજ ભાવના આધારે APM કિંમતો નક્કી કરતી હતી. આ કિંમતો નોંધપાત્ર સમય વિરામ (૬-૯ મહિના) પછી પ્રભાવિત થઈ હતી અને આના પરિણામે ભાવમાં ઊંચી અસ્થિરતા જોવા મળી હતી, કારણ કે બે ઉત્પાદક દેશોના ગેસ હબના ભાવ વર્ષોથી તેમની સુસંગતતા ગુમાવી ચૂક્યા છે.ઉદાહરણ તરીકે, ઑક્ટોબર ૨૦૨૦ અને સપ્ટેમ્બર ૨૦૨૧ વચ્ચે છઁર કિંમત ઈ૧.૭૯ પ્રતિ દ્બદ્બમ્ેહતી, જે નિયુક્ત ક્ષેત્રો માટે ઈ૩.૫ પ્રતિ mmBtuઉત્પાદન ખર્ચ કરતાં ઘણી ઓછી છે. આ સમયગાળા દરમિયાન, પશ્ચિમ ભારતમાં એલએનજીના ભાવ સરેરાશ ઈ૧૧ પ્રતિ એમએમબીટીયુ હતા. ટૂંકમાં, સ્થાનિક ઉત્પાદનમાં એલએનજીના ભાવના ૨૦% કરતા પણ ઓછા ભાવ મળ્યા. જો કે, રશિયા-યુક્રેનની કટોકટી બાદ આંતરરાષ્ટ્રીય હબના ભાવમાં ૪૦૦% વધારો થવાને કારણે સપ્ટેમ્બર ૨૦૨૧માં આ એપીએમના ભાવ ઈ૧.૭૯ પ્રતિ એમએમબીટીયુથી વધીને ઓક્ટોબર ૨૦૨૨માં ઈ૮.૫૭ પ્રતિ એમએમબીટીયુ થઈ ગયા, જેના પરિણામે ખાતર, પાવરમાં નોંધપાત્ર વધારો થયો છે. અને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) ક્ષેત્ર પર પ્રતિકૂળ અસર થઈ હતી.સરકારે ઘરેલું ગેસ ગ્રાહકો તેમજ રાષ્ટ્રીય તેલ કંપનીઓને આવી અસ્થિરતાથી બચાવવાનો નિર્ણય લીધો છે અને એપીએમના ભાવોને ભારતીય ક્રૂડ બાસ્કેટના ભાવના ૧૦% પર માસિક ધોરણે તેમજ નામાંકન ક્ષેત્રો પર નિર્ધારિત કરવામાં આવશે. આ માટે મહત્તમ મર્યાદા પ્રતિ MMBtu ઈ૬.૫ અને MMBtu દીઠ ઈ૪.૫ ની ન્યૂનતમ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. કેપ છેલ્લા ૨૦ વર્ષના ભારતીય ક્રૂડ ઓઈલના ભાવના ૧૦% (લગભગ ઈ૬૫ પ્રતિ bbl) પર નિર્ધારિત કરવામાં આવી છે, જ્યારે ધ્યાનમાં લે છે કે કેપ નામાંકન ક્ષેત્રોમાંથી ગેસ ઉત્પાદન માટે લગભગ ઈ૩.૫ પ્રતિ mmBtuઉત્પાદનના નજીવા ખર્ચ પર નિર્ધારિત કરવામાં આવી છે.મોટા ભાગના ભારતીય લાંબા ગાળાના LNG કોન્ટ્રાક્ટ બ્રેન્ટ કરતા ૧૩% વધારે કેન્દ્રીત હતા. એલએનજી કોન્ટ્રાક્ટમાં લિક્વિફિકેશન, ટ્રાન્સપોર્ટેશન અને રિગેસિફિકેશનના ખર્ચને ધ્યાનમાં લેતા, ઘરેલું ગેસ એપીએમના ભાવ કરતાં ૧૦% વધુ રહ્યો.આ સુધારાઓ પછી, ઘરો માટે રસોઈ ઈંધણ (PNG)ની સરેરાશ કિંમત લગભગ ૧૦% ઘટી ગઈ છે અને CNGના ભાવમાં ૬-૭%નો ઘટાડો થયો છે. અન્ય મહત્વનો ફાયદો ખાતર સબસિડીમાં ઘટાડા સાથે સંબંધિત છે, જે દર વર્ષે રૂ. ૨૦૦૦ કરોડથી વધુ થવાની ધારણા છે.આ સુધારાઓ નોમિનેશન પરિપક્વ ક્ષેત્રો માટે લઘુત્તમ કિંમતો તેમજ નોંધાયેલા ક્ષેત્રોમાંથી નવા કૂવાઓ પ્રદાન કરીને ઈ&ઁ સેક્ટરમાં રોકાણને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે, જે ૨૦% ઊંચી કિંમતો મેળવશે. ONGC y™u OIL તરફથી ઉત્પાદન પરની મર્યાદા પ્રથમ બે વર્ષ સુધી યથાવત રહેશે અને પછી કોઈપણ ખર્ચ ફુગાવાને સમાયોજિત કરવા માટે દર વર્ષે ઈ૦.૨૫ પ્રતિ દ્બદ્બમ્ેવધશે. આ સુધારાઓ ન્યૂ એક્સપ્લોરેશન લાયસન્સિંગ પોલિસી (NELP) ક્ષેત્રો અથવા ઉચ્ચ દબાણ, ઉચ્ચ તાપમાન (HP-HT) ક્ષેત્રોમાં ખાનગી કંપનીઓને અસર કરશે નહીં, જેની ટોચમર્યાદા કિંમત હોય અથવા ફેબ્રુઆરી ૨૦૧૯ પછી સબમિટ કરવામાં આવેલ ક્ષેત્ર વિકાસ યોજનાઓમાંથી નવા ગેસ ઉત્પાદન હોય. તેમના માટે માર્કેટિંગ અને કિંમતની સ્વતંત્રતા ચાલુ રહેશે.કેબિનેટના નિર્ણયોને બજારો અને નિષ્ણાતો બંને તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. જો કે, કેટલાક ટીકાકારોએ આ અખબારમાં એક ઓપ-એડમાં આ સુધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમના લેખમાં જણાવવામાં આવ્યું છે કે જો રશિયન ગેસના ભાવ સુધારણા અમલમાં ન આવ્યા હોત તો યુએસ સ્થિત હેનરી હબના ભાવમાં તાજેતરના ઘટાડાથી સ્થાનિક ગ્રાહકોને ફાયદો થયો હોત. લેખ એ ઉલ્લેખ કરવાનું ભૂલી જાય છે કે ૨૦૧૪ના નિયમ હેઠળ ચાર હબ હતા અને એક હબ પર કિંમતો હતી, એટલે કે બ્રિટિશ સ્થિત વર્ચ્યુઅલ ટ્રેડિંગ ઝોન નેશનલ બેલેન્સિંગ પોઈન્ટ (NBP) હજુ પણ ઈ૧૨ પ્રતિ mmBtuની આસપાસ છે.

**લેખક : હરદીપ એસ. પુરી ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ અને આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી છે.**



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# હેરને ખરતા અટકાવવા માટે અજવાવો આ ઉપાયો



આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

## નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

## નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

## એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.



# કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર ભરેલો છે

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંકી દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્દી ફેટ, મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન, કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળી શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથી પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાના બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ, મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવા સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદો મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલા એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથી વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

# બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ ઉપાયો



નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઇ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

## એલાયચી

એલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

## અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

# બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...



બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઇ જાઓ છો.

# તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી



તહેવારની મોસમ ચાલી રહી છે, દરેકના ઘરે તહેવાર પર ગળ્યું બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામાં આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

## સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

## અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથી ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમારા મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

# ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે




જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

**ગ્લિસરીન અને ગુલાબજળ :** ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

**ગ્લિસરીન અને મુલતાની માટી :** ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાડો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

**ગ્લિસરીન અને મધ :** મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

**ગ્લિસરીન અને લીંબુ :** જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

# પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ અને મધેનું સેવન કરવું ફાયદાકારક

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.



## આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર અને મધનું સેવન કરી શકાય છે. આ ખૂબ જ આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખાઈ શકો છો. તેનાથી ગળાની સમસ્યામાં રાહત મળે છે.

# ઇઝરાયલે મિસાઇલો વરસાવી । ઇરાનના પરમાણુ સ્થળ પર ભારે નુકસાન થયું





ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધથી મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે. ઈઝરાયલે ઈરાનના પરમાણુ સ્થળો પર મિસાઈલો વરસાવીને ઈરાનને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. મેક્સર ટેક્નોલોજી દ્વારા બહાર પાડવામાં આવેલી સેટેલાઇટ છબીઓમાં ઈરાન વિરુદ્ધ ઈઝરાયલના ઓપરેશન રાઈઝિંગ લાયન દ્વારા થયેલા વિનાશની ઘણી તસવીરો બહાર આવી છે, જે કેટલી વિનાશ સર્જાયો છે તેનો પુરાવો છે. ઈઝરાયલે કહ્યું છે કે આ ઈરાનના પરમાણુ શસ્ત્રોના ખતરાને ઘટાડવા અને તેના અસ્તિત્વને સુરક્ષિત રાખવા માટે એક લક્ષિત લશ્કરી કાર્યવાહી છે.ઈઝરાયલે વૈશ્વિક ચેતવણીઓને અવગણીને ઈરાન પર પરમાણુ શસ્ત્રો કાર્યક્રમ ચલાવવાનો આરોપ લગાવ્યો છે, જેમાં અનેક પરમાણુ બોમ્બ બનાવવા માટે સક્ષમ સમૃદ્ધ યુરેનિયમ ભંડારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈરાન લાંબા સમયથી આગ્રહ રાખે છે કે તેનો પરમાણુ કાર્યક્રમ ફક્ત નાગરિક હેતુઓ માટે છે.તાજેતરમાં પ્રકાશિત ઉચ્ચ-રિઝોલ્યુશન ઉપગ્રહ છબીઓમાં ઈરાનના મુખ્ય પરમાણુ સ્થળોને નુકસાન અને પરિણામે થયેલા નુકસાનના પહેલા અને પછીના ચિત્રો સ્પષ્ટપણે દેખાય છે. યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી અનુસાર, ઈરાની અધિકારીઓ પાસેથી મળેલી માહિતીનો ઉલ્લેખ કરીને, ઈઝરાયલી કાર્યવાહીમાં ઈરાનના નાતાન્ઝ અને ફોર્ડો ખાતે ભૂગર્ભ યુરેનિયમ સંવર્ધન સ્થળો અને ઈસ્ફહાનમાં યુરેનિયમ સ્થળ પર હુમલાઓનો સમાવેશ થાય છે.

## 'પુષ્પા ૨' માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો, તેલંગાણા સરકારે ભવ્ય કાર્યક્રમમાં સન્માનિત



। હૈદરાબાદ, તા.૧૫ ।

હૈદરાબાદમાં એક ભવ્ય કાર્યક્રમમાં ઘણા દક્ષિણ ભારતીય કલાકારોને ગદર ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૪ આપવામાં આવ્યા. મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ વિવિધ શ્રેણીઓમાં ગદર તેલંગાણા ફિલ્મ એવોર્ડ્સ ૨૦૨૪ રજૂ કર્યા. અલ્લુ અર્જુનને ફિલ્મ 'પુષ્પા-૨' માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.શનિવારે રાત્રે એક ભવ્ય કાર્યક્રમમાં, રેડ્ડીએ પીઢ દિગ્દર્શક મણિ રત્નમને ડેપ્યુટી મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક સાથે પેડી જયરાજ ફિલ્મ એવોર્ડથી સન્માનિત કર્યા. અભિનેતા એન બાલકૃષ્ણને એનટીઆર ફિલ્મ એવોર્ડ આપવામાં આવ્યો. વિજય દેવેરાકોંડાને પીઢ તેલુગુ અભિનેતા કાંથા રાવના નામે એવોર્ડ આપવામાં આવ્યો. આ પ્રસંગે, મુખ્યમંત્રીએ કહ્યું કે તેલંગાણાને ૨૦૪૭ સુધીમાં ૩ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવી પડશે અને તેમાં સિનેમા અને ફિલ્મ ઉદ્યોગની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આ એવોર્ડ સમારંભ પ્રસંગે, દિગ્દર્શક એસએસ રાજામૌલીએ પણ કહ્યું, 'હોલીવુડ અને બોલિવૂડએ હૈદરાબાદને પોતાનું ઘર બનાવવું જોઈએ. સરકાર આને વાસ્તવિકતા બનાવવા માટે ફિલ્મ ઉદ્યોગને ટેકો આપવા તૈયાર છે.' એવોર્ડ સમારંભમાં, બાલકૃષ્ણએ સ્વર્ગસ્થ લોક ગાયક અને ગીતકાર ગદરને યાદ કર્યા.

### ઇમારતમાં આગ જોનારા દરેક વ્યક્તિ સ્તબ્ધ થઈ ગયા

## દુબઈ શહેરના મરિનામાં ૬૭ માળની ઇમારતમાં ભીષણ આગ લાગી,૩,૮૨૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા

**ડીએમઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ અસરગ્રસ્ત લોકો માટે કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવા માટે ઇમારતના ડેવલપર સાથે નજીકથી કામ કરી રહ્યા છે અને તેમની સલામતી અને રાહત કાર્યને પ્રાથમિકતા આપી**

। દુબઈ, તા.૧૫ ।

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના દુબઈ શહેરના મરિનામાં ૬૭ માળની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. દુબઈ મીડિયા ઓફિસે આ માહિતી આપી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર,મોડી રાત્રે ઈમારતમાં આગ લાગ્યા બાદ મરિના પિનેકલના ૭૬૪ એપાર્ટમેન્ટમાં રહેતા તમામ ૩,૮૨૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.૬૭ માળની ઈમારતમાં આગનો એક વીડિયો પણ સામે આવ્યો છે. આગ નીચેથી ઈમારતની ટોચ તરફ આગળ વધી રહી હોય તેવું દેખાય છે. ઈમારતમાંથી ધુમાડાના કાળા ગોટા નીકળી રહ્યા છે. ઈમારતમાં આગ જોનારા દરેક વ્યક્તિ સ્તબ્ધ થઈ ગયા.ખાલીજ ટાઈમ્સ અખબારના અહેવાલ મુજબ, દુબઈ સિવિલ ડિફેન્સની ટીમોએ છ કલાકની મહેનત પછી ઈમારતમાં આગ પર કાબુ મેળવ્યો. ડીએમઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ અસરગ્રસ્ત લોકો માટે કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવા માટે ઈમારતના ડેવલપર સાથે નજીકથી કામ કરી રહ્યા છે અને તેમની સલામતી અને રાહત કાર્યને પ્રાથમિકતા આપી રહ્યા છે.ડીએમઓએ જણાવ્યું હતું કે અધિકારીઓ



અસરગ્રસ્ત લોકો માટે કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવા માટે ઈમારતના ડેવલપર સાથે નજીકથી કામ કરી રહ્યા છે અને તેમની સલામતી અને સુખાકારીને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ સાથે, ડીએમઓએ જણાવ્યું હતું કે ખાસ એકમોએ મરિના પિનેકલના ૭૬૪ એપાર્ટમેન્ટમાંથી તમામ ૩,૮૨૦ લોકોને કોઈપણ ઈજા વિના સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.તમને જણાવી દઈએ કે મરિના પિનેકલ, જેને ટાઈગર ટાવર તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં પહેલા પણ આગ લાગી છે. ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, મે ૨૦૧૫ માં, ૪૭મા માળે રસોડામાં આગ લાગી હતી, જે દુબઈ સિવિલ ડિફેન્સ દ્વારા કાબુમાં લેવામાં આવે તે પહેલાં ૪૮મા માળે ફેલાઈ ગઈ હતી. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના દુબઈ શહેરના મરિનામાં ૬૭ માળની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. દુબઈ મીડિયા ઓફિસે આ માહિતી આપી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર,મોડી રાત્રે ઈમારતમાં આગ લાગ્યા બાદ મરિના પિનેકલના ૭૬૪ એપાર્ટમેન્ટમાં રહેતા તમામ ૩,૮૨૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

### ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને કડક ચેતવણી આપી

## જો અમેરિકા પર હુમલો થશે, તો અમે આવી અકલ્પનીય પ્રતિક્રિયા આપીશું : ટ્રમ્પ

**જો ઈરાન અમેરિકા પર કોઈપણ રીતે હુમલો કરશે, તો અમેરિકા સંપૂર્ણ તાકાતથી એવો જવાબ આપશે જે પહેલા ક્યારેય જોવા મળ્યો નથી : ડોનાલ્ડ ટ્રમ્પ**

। વોશિંગ્ટન, તા.૧૫ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને કડક ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું છે કે ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી. જો ઈરાન અમેરિકા પર કોઈપણ રીતે હુમલો કરશે, તો અમેરિકા સંપૂર્ણ તાકાતથી એવો જવાબ આપશે જે પહેલા ક્યારેય જોવા મળ્યો નથી. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે આપણે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સરળતાથી સોદો કરી શકીએ છીએ અને આ લોહિયાળ સંઘર્ષનો અંત લાવી શકીએ છીએ. આ પહેલી વાર નથી જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી હોય. અગાઉ, ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી હતી કે "તેઓ જે વિચારે છે, અનુમાન કરે છે અથવા કહેવામાં આવ્યું છે તેના કરતા ઘણું ખરાબ હશે." તેમણે કહ્યું હતું કે અમેરિકા વિશ્વના શ્રેષ્ઠ અને ઘાતક લશ્કરી સાધનો બનાવે છે અને ઈઝરાયલ પાસે તેમાંથી ઘણું બધું છે અને તેઓ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે.ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ પણ કહ્યું હતું કે ઈરાને તેના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે શક્ય તેટલી વહેલી તકે સોદો કરવો જોઈએ. ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન પાસે બીજી તક પણ છે જેથી વધુ વિનાશ ટાળી શકાય. ઈઝરાયલ દ્વારા ઈરાન પર થઈ રહેલા હુમલાઓ વચ્ચે ટ્રમ્પે તેમની રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે બેઠક પણ યોજી છે.તમને જણાવી દઈએ કે ઈઝરાયલે શુક્રવારે ઓપરેશન રાઈઝિંગ લાયન શરૂ કર્યું છે. આ ઓપરેશન હેઠળ, ઈઝરાયલે ઈરાનના પરમાણુ પ્લાન્ટ, મિસાઈલ અને લશ્કરી સંકુલોને નિશાન બનાવ્યા છે. આ ઓપરેશનમાં ઈઝરાયલે ઘણા અગ્રણી લશ્કરી કમાન્ડરો અને ઈરાનના પરમાણુ વૈજ્ઞાનિકોને મારી નાખ્યા છે. ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટપણે કહ્યું છે કે લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હુમલા ચાલુ રહેશે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને કડક ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું છે કે ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી. જો ઈરાન અમેરિકા પર કોઈપણ રીતે હુમલો કરશે, તો અમેરિકા સંપૂર્ણ તાકાતથી એવો જવાબ આપશે જે પહેલા ક્યારેય જોવા મળ્યો નથી.

## રણવીર સિંહે ફિલ્મ નકારી, શાહિદને ધીરજનું ફળ મળ્યું, ૧૨ વર્ષ રાહ જોયા પછી, તેને ચાંદી મળી



। મુંબઇ, તા.૧૫ ।

શાહિદ કપૂરે ફિલ્મ જગતમાં પગ મૂક્યાને ૨ દાયકાથી વધુ સમય થઈ ગયો છે. તેણે ૨૦૦૩ માં 'ઈશ્ક વિશ્ક' થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. ફિલ્મો પહેલાં, શાહિદે બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે પણ કામ કર્યું હતું અને ઐશ્વર્યા-કરિશ્મા જેવી હિરોઈનોની પાછળ ડાન્સ કર્યો હતો. ચોકલેટી હીરો તરીકે ફિલ્મ જગતમાં પ્રવેશ કરનાર શાહિદે હવે એક ગુસ્સે ભરાયેલા યુવાન તરીકે પોતાની ઓળખ બનાવી છે. જોકે, આ સ્થાન સુધી પહોંચવા માટે તેને ખૂબ જ મહેનત કરવી પડી હતી. તેણે પોતાની કારકિર્દીમાં 'વિવાહ' થી લઈને 'જબ વી મેટ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ તેની કારકિર્દીમાં એક સમય એવો આવ્યો જ્યારે તેની ફિલ્મો ફ્લોપ અને સરેરાશથી આગળ વધી શકી નહીં. ૨૦૦૭માં રિલીઝ થયેલી 'જબ વી મેટ' સુપર-ડુપર હિટ રહી હતી, પરંતુ લગભગ ૧૨ વર્ષ રાહ જોયા પછી, તેને એક ફિલ્મ મળી જેણે તેના કરિયરને નવી ગતિ આપી અને તેને બોલિવૂડના ટોચના સ્ટાર્સની યાદીમાં પાછો લાવ્યો.અમે શાહિદ કપૂરની તે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ, જેણે રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી હતી અને તેના ગુસ્સે ભરાયેલા યુવાન અવતારની ચર્ચા બધે જ થઈ હતી. હા, અમે ૨૦૧૯માં રિલીઝ થયેલી 'કબીર સિંહ' વિશે વાત કરી રહ્યા છીએ, જે સૌપ્રથમ રણવીર સિંહને ઓફર કરવામાં આવી હતી.

## પાકિસ્તાનનો રહસ્ય ફરી ખુલ્યો, રાફેલને તોડી પાડવાનો દાવો જુઠ્ઠો નીકળ્યો, દસોલ્ટે સત્ય કહ્યું

। ઇસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાન ફરી એકવાર અપમાનિત થયું છે. પહેલગામ હુમલા પછી ભારત-પાક સંઘર્ષ (ઓપરેશન સિંદૂર) દરમિયાન, તેણે ભારતીય વાયુસેનાના અત્યાધુનિક વિમાન રાફેલને તોડી પડવાનો દાવો કર્યો હતો. પરંતુ ફ્રેન્ચ એરોસ્પેસ કંપની દસોલ્ટ એવિએશનના ચેરમેન અને સીઈઓ એરિક ટ્રેપિયર દ્વારા તેના દાવાઓનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કંપની રાફેલ ફાઈટર જેટ બનાવે છે.એક મુલાકાતમાં, દસોલ્ટ એવિએશનના ચેરમેન અને સીઈઓ એરિક ટ્રેપિયરે જણાવ્યું હતું કે ભારત દ્વારા અમને આ સંદર્ભમાં કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. તેથી, આવી કોઈ પણ ઘટનાની ચોક્કસ પરિસ્થિતિઓ જાહેર કરવામાં આવી નથી. તેમણે પાકિસ્તાનના દાવાઓને ખોટા ગણાવ્યા કે તેણે ત્રણ રાફેલ વિમાનોને તોડી પાડ્યા છે.એક મુલાકાત દરમિયાન, એરિક ટ્રેપિયરે કહ્યું કે રાફેલ વિશ્વના શ્રેષ્ઠ મલ્ટી-રોલ ફાઈટર જેટમાંનું એક છે અને તે F-૩૫ અને ચીનના તમામ ફાઈટર એરક્રાફ્ટ કરતા વધુ સારું છે. તેમણે આ મુલાકાતમાં રાફેલની ક્ષમતાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી.તેમણે કહ્યું કે કોઈપણ યુદ્ધમાં, વિમાનનો ઉદ્દેશ્ય તેના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો હોય છે. શૂન્ય નુકસાન તેનો ઉદ્દેશ્ય નથી. બીજા વિશ્વયુદ્ધમાં પણ, મિત્ર દેશોએ સૈનિકો ગુમાવ્યા હતા.

## મહારાષ્ટ્રમાં ચાલી રહેલા વરસાદ વચ્ચે । પુણેમાં ઈન્દ્રાયણી નદી પરનો પુલ તૂટી પડ્યો, ૨૫ થી ૩૦ પ્રવાસીઓ તણાઈ ગયાના અહેવાલ

। પુણે,તા.૧૫ ।

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા વરસાદ વચ્ચે, પુણેમાં ઈન્દ્રાયાણી નદી પરનો પુલ તૂટી પડ્યો છે. આ અકસ્માતમાં ૨૫-૩૦ પ્રવાસીઓ તણાઈ ગયા હોવાના સમાચાર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પુણેના ગ્રામીણ વિસ્તાર કુંડમાલામાં ઈન્દ્રાયણી નદી પર બનેલો પુલ તૂટી પડ્યો છે. જેમાં ૨૫ થી ૩૦ પ્રવાસીઓ તણાઈ ગયા હોવાના અહેવાલ છે. પુલ તૂટી પડવાથી જે લોકો તણાઈ ગયા હતા તે બધા પુલ પર જ હતા. આ ઘટના પુણેના માવલ તાલુકાની છે. કુંડમાલા તલેગાંવ દાભાડે શહેર નજીક એક પ્રખ્યાત પર્યટન સ્થળ છે, જ્યાં ઈન્દ્રાયણી નદી પર બનેલો એક જૂનો પુલ તૂટી પડ્યો હતો.રવિવાર હોવાથી પ્રવાસીઓની ભીડ હતી, તેથી એવી આશંકા છે કે પુલ તૂટી પડ્યો અને ઘણા પ્રવાસીઓ ઈન્દ્રાયણીમાં ડૂબી ગયા. ઘટનાની માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ, ગ્રામજનો અને આપત્તિ રાહત કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.છેલ્લા બે દિવસથી માવલ વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને ઈન્દ્રાયણીનું પાણીનું સ્તર વધી ગયું છે. આ કારણે એજન્સીઓ નદીમાં પડેલા પ્રવાસીઓને બચાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના રવિવારે બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે બની હતી. પુલ તૂટી પડવાની માહિતી મળતા જ પિંપરી-ચિંચવાડ પોલીસ કમિશનરેટ હેઠળના તલેગાંવ દાભાડે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.કુંડ માલાની એક બાજુથી બીજી બાજુ જવા માટે પુલ બનાવવામાં આવ્યો હતો. આ પુલ ખૂબ જૂનો હતો. રવિવારે અહીં પ્રવાસીઓની ભારે ભીડ હતી. તે જ સમયે, બપોરે અચાનક પુલ તૂટી પડ્યો.

### નાઇજીરીયામાં બંદૂકધારીઓનો ત્રાસ

**ડઝનેક ઘાયલ થયા છે અને પરિવારો શનિવાર સવાર સુધી આઘાતમાં છે. નાઇજીરીયન સત્તાવાળાઓએ બેન્યુ રાજ્યમાં લગભગ રોજિંદા રક્તપાત તાત્કાલિક બંધ કરવો જોઈએ અને વાસ્તવિક ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ**

## નાઇજીરીયામાં ૧૦૦ લોકોને બેડરૂમમાં બંધ કરીને જીવતા સળગાવી દીધા

। ચેલેવાટા, તા.૧૫ ।

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ નાઈજીરીયા અનુસાર, નાઈજીરીયાના મધ્ય બેનુ રાજ્યના યેલેવાટા ગામમાં બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા ક્રૂર હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. શુક્રવારે રાત્રે થયેલા હુમલામાં ઘણા લોકો ગુમ થયા છે, ડઝનેક ઘાયલ થયા છે અને પરિવારો શનિવાર સવાર સુધી આઘાતમાં છે. "નાઈજીરીયન સત્તાવાળાઓએ બેન્યુ રાજ્યમાં લગભગ રોજિંદા રક્તપાત તાત્કાલિક બંધ કરવો જોઈએ અને વાસ્તવિક ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ," પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે.પોસ્ટમાં આગળ કહેવામાં આવ્યું છે કે, "મોડી રાત્રે અને શનિવાર ૧૪ જૂન ૨૦૨૫ ના વહેલી સવારે યેલેવાટા પર હુમલો કરનારા બંદૂકધારીઓ દ્વારા ૧૦૦ થી વધુ લોકોની ભયાનક હત્યા દર્શાવે છે કે સરકારે રાજ્યમાં લાગુ કરેલા સુરક્ષા પગલાં કામ કરી રહ્યા નથી. ઘણા લોકો હજુ પણ ગુમ છે, ડઝનેક ઘાયલ છે અને પૂરતી તબીબી સંભાળ મેળવી શકતા નથી. ઘણા પરિવારોને તેમના બેડરૂમમાં બંધ કરીને સળગાવી દેવામાં આવ્યા હતા. ઘણા મૃતદેહો ઓળખી ન શકાય તે રીતે બળી ગયા



હતા."એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ બેન્યુ રાજ્યમાં હુમલાઓમાં ચિંતાજનક વધારો નોંધી રહ્યું છે, જ્યાં બંદૂકધારીઓ સંપૂર્ણ સજા વિના તેમની હત્યા ચાલુ રાખે છે. આ હુમલાઓ મોટા પાયે વિસ્થાપનનું કારણ બની રહ્યા છે અને ખાદ્ય સુરક્ષાને અસર કરી શકે છે કારણ કે મોટાભાગના પીડિતો ખેડૂતો છે. હિંસા રોકવામાં નાઈજીરીયન સત્તાવાળાઓની નિષ્ફળતા જીવન અને આજીવિકાને નુકસાન પહોંચાડી રહી છે અને જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો ઘણા વધુ જીવ ગુમાવી શકે છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ નાઈજીરીયા અનુસાર, નાઈજીરીયાના મધ્ય બેનુ રાજ્યના યેલેવાટા ગામમાં બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા ક્રૂર હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. શુક્રવારે રાત્રે થયેલા હુમલામાં ઘણા લોકો ગુમ થયા છે, ડઝનેક ઘાયલ થયા છે અને પરિવારો શનિવાર સવાર સુધી આઘાતમાં છે. "નાઈજીરીયન સત્તાવાળાઓએ બેન્યુ રાજ્યમાં લગભગ રોજિંદા રક્તપાત તાત્કાલિક બંધ કરવો જોઈએ અને વાસ્તવિક ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ," પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે.પોસ્ટમાં આગળ કહેવામાં આવ્યું છે કે, "મોડી રાત્રે અને શનિવાર ૧૪ જૂન ૨૦૨૫ ના વહેલી સવારે યેલેવાટા પર હુમલો કરનારા બંદૂકધારીઓ દ્વારા ૧૦૦ થી વધુ લોકોની ભયાનક હત્યા દર્શાવે છે કે સરકારે રાજ્યમાં લાગુ કરેલા સુરક્ષા પગલાં કામ કરી રહ્યા નથી. ઘણા લોકો હજુ પણ ગુમ છે.

**વ્યવસ્થાપન અધિકારીએ અકસ્માતની પુષ્ટિ કરી** | **મૃતકોમાં મહારાષ્ટ્રના એક દંપતી અને તેમના ૨૩ મહિનાના બાળકનો સમાવેશ થાય છે.**

## કેદારનાથના ગૌરીકુંડના જંગલોમાં ગુમ થયેલ હેલિકોપ્ટર ક્રેશ થતાં સાત લોકોના મોત થયા

। કેદારનાથ, તા.૧૫ ।

કેદારનાથથી યાત્રાળુઓ સાથે ગુપ્તકાશી પરત ફરી રહેલું હેલિકોપ્ટર ગૌરીકુંડ નજીક ધુરી ખાર્ક પાસે ક્રેશ થયું છે, જેમાં સાત લોકોના દુઃખદ મોત થયા છે. મૃતકોમાં મહારાષ્ટ્રના એક દંપતી અને તેમના ૨૩ મહિનાના બાળકનો સમાવેશ થાય છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીએ અકસ્માતની પુષ્ટિ કરી છે. આ ઘટના આજે સવારે ૫ વાગ્યાની આસપાસ બની હોવાનું કહેવાય છે. હેલિકોપ્ટર આર્યન હેલી એવિએશનનું હોવાનું કહેવાય છે.

આ હેલિકોપ્ટરમાં પાઈલટ સહિત સાત લોકો સવાર હતા. ગૌરીકુંડના ઉપરના વિસ્તારમાં ઘાસ કાપતી નેપળી મૂળની મહિલાઓએ હેલિકોપ્ટર ક્રેશ થયાની જાણ કરી હતી. હેલિકોપ્ટર નોડલ ઓફિસર રાહુલ ચૌબે અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી નંદન સિંહ રાજવારે હેલિકોપ્ટર ક્રેશ થયાની પુષ્ટિ કરી છે.



ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ટ્વિટર પર લખ્યું છે કે, "રુદ્રપ્રયાગ જિલ્લામાં હેલિકોપ્ટર ક્રેશ થયાના ખૂબ જ દુઃખદ સમાચાર મળ્યા છે.એસડીઆરએફ, સ્થાનિક વહીવટીતંત્ર અને અન્ય બચાવ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા છે. હું બાબા કેદારને બધા મુસાફરોની સલામતી માટે પ્રાર્થના કરું છું." આ અકસ્માતનું કારણ છે જણાવવામાં આવ્યું હતું કે આ અકસ્માત ટેકનિકલ સમસ્યા અને હવામાનને કારણે થયો છે. ૨ મેના રોજ હિમાલયના મંદિર કેદારનાથના દરવાજા ખુલ્યા પછી હેલિકોપ્ટર દુર્ઘટનાનો આ પંચમો બનાવ છે. આજની ઘટના અંગે જણાવવામાં આવ્યું છે કે ૧૫.૦૬.૨૫ ના રોજ લગભગ ૦૫:૧૭ વાગ્યે, આર્યન કંપનીનું હેલિકોપ્ટર કેદારનાથ હેલિપેડથી ગુપ્તકાશી હેલિપેડ તરફ છ ભક્તોને લઈને ઉડાન ભરી ગયું હતું. રસ્તામાં ખરાબ હવામાનને કારણે, બીજી જગ્યાએ હાર્ડ લેન્ડિંગ બાદ હેલિકોપ્ટરને નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.માહિતી અનુસાર, આ દુઃખદ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રથી આવેલા જયસ્વાલ દંપતી અને તેમના ૨૩ મહિનાના બાળકનું પણ આ અકસ્માતમાં મોત થયું છે. આ સાથે, બે સ્થાનિક લોકોનું પણ મોત થયું છે.મૃતકોમાં ૧. રાજવીર-પયલોટ,,૨. વિક્રમ રાવત બીકેટીસી નિવાસી રાસી ઉખીમઠ,,૩. વિનોદ,૪. ત્રિષ્ટિ સિંહ,,૫. રાજકુમાર,,૬. શ્રદ્ધા,૭. રાશી છોકરીની ઉંમર ૧૦ વર્ષ નો સમાવેશ થાય છે




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya